# જિલ્લા શિક્ષણ સમિતિ - કચ્છ

**દ્વિતીય સત્રાંત પરીક્ષા - 2025**

| | | |
|---|---|---|
| તારીખ : 23-04-2025 | **ધોરણ - 8** | કુલ ગુણ : 80 |
| વાર : બુધવાર | **વિષય - સામાજિક વિજ્ઞાન** | સમય : 08-00 થી 11-00 |

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.** (6)

(1) વુડના ખરીતાને હિંદના શિક્ષણ માટે નો 'મેગ્ના કાર્ટા' કહે છે, તેની ભલામણોના આધારે સમજાવો.

અથવા

19મી સદીમાં ભારતમાં સ્ત્રી શિક્ષણ અંગે થયેલા સુધારા સમજાવો.

(2) ટૂંકનોંધ લખો : 'મહાત્મા ગાંધીના શિક્ષણ અંગેના વિચારો'

**પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.** (4)

(1) 'છોડીઓની નિશાળ' નામે કન્યા શાળાની શરૂઆત કોણે કરી હતી ?

(2) વડોદરામાં મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ દાખલ કરનાર રાજા કોણ હતા ?

(3) ગાંધીજીના મતે પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ ક્રમ કેટલા વર્ષનો રાખવો જોઈએ ?

(4) 'બ્રહ્મોસમાજ'ના સ્થાપક કોણ હતા ?

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.** (6)

(1) 'રોલેટ એક્ટ'ને કાળો કાયદો કહે છે, ટૂંકમાં સમજાવો.

(2) ગાંધીજીએ મોહનલાલ પંડ્યાને 'ડુંગળીચોર'નું બિરુદ શાથી આપ્યુ હતું ?

(3) કારણ આપો : 'હિંદના લોકો અને પક્ષો દ્વારા સાયમન કમિશનનો બહિષ્કાર કરવામાં આવ્યું.'

**પ્રશ્ન-3 (બ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** (4)

(1) હિન્દી રાષ્ટ્રીય મહાસભાનું પ્રથમ અધિવેશન અમદાવાદ ખાતે યોજાયુ હતું.

(2) પ્રખર ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણવર્મા કચ્છનાં વતની હતા

(3) 'તુમ મુજે ખૂન દો મેં તુમ્હે આઝાદી દૂંગા' આ સુત્ર સુભાષચંદ્ર બોઝે આપ્યુ હતું.

(4) વિનાયક સાવરકરે 'મિત્રમેલા' નામની ક્રાંતિકારી સંસ્થા સ્થાપી હતી.

**પ્રશ્ન-4 (અ) બંધ બેસતા જોડકાં રચો.** (4)

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (1) કલાભવનનાં સ્થાપક | (A) વડોદરા |
| (2) ચિત્રકલાનાં ભીષ્મપિતામહ | (B) જહાંગીર |
| (3) 'કુમાર' નામના માસિકનો પ્રારંભ કરનાર | (C) રવિન્દ્રનાથ ટાગોર |
| (4) ચિત્રશાળાનાં સ્થાપક | (D) રવિશંકર રાવળ |

**પ્રશ્ન-4 (બ) નીચેના વિધાનોની ખાલી જગ્યા પૂરો.** (4)

(1) કચ્છના મહારાવ પ્રાગમલજી એ ............ ખાતે કલા શાળા શરૂ કરી હતી.

(2) અજંતા અને ઈલોરાની ગુફાઓનાં વિશ્વવિખ્યાત ચિત્રો ………… સમય દરમિયાન નિર્માણ પામ્યા હતા.

(3) જૈન શૈલીને ………… શૈલી પણ કહેવામાં આવે છે.

(4) ………… ચિત્ર શૈલીમાં રાજપૂત રાજાઓનું જીવન, પહેરવેશ, ઉત્સવો વગેરે કેન્દ્રમાં રહ્યા છે.

**પ્રશ્ન-5 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.** (6)

(1) નીચે આપેલા રાજ્યોમાંથી 'Seven Sister State' તરીકે ઓળખાતા ચાર રાજ્યોના નામ જણાવો ?

1. મેઘાલય 2. ગુજરાત 3. મિઝોરમ 4. જમ્મુ કાશ્મીર 5. ત્રિપુરા 6. નાગાલેન્ડ 7. ઝારખંડ

(2) કોના-કોના પ્રયત્નોમાંથી દેશીરાજ્યોનું ભારત સંઘમાં વિલીનીકરણ કરવામાં આવ્યું હતું ?

(3) ગુજરાત રાજ્યનાં પ્રથમ રાજ્યપાલ અને મુખ્યમંત્રીનું નામ જણાવો ?

**પ્રશ્ન-6 આપેલ સુચના અનુસાર વર્ગીકરણ કરો.** (6)

(1) કૌંસમાં આપેલા ઉદ્યોગો અને ઔદ્યોગિક કેન્દ્રનાં આધારે નીચેના વિધાનોમાં જવાબ લખો.

(પાપડ ઉદ્યોગ, લોખંડ-પોલાદ ઉદ્યોગ, સુરત, મતસ્ય ઉદ્યોગ, બેંગ્લુરુ, કાગળ ઉદ્યોગ)

1. મોટા કદના ઉદ્યોગ
2. સમુદ્ર આધારિત ઉદ્યોગ
3. ગૃહ ઉદ્યોગ
4. સુતરાઉ કાપડ ઉદ્યોગ કેન્દ્ર
5. વનઆધારિત ઉદ્યોગ
6. ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઉદ્યોગનું કેન્દ્ર

**પ્રશ્ન-7 (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.** (4)

(1) સંકલ્પના સમજાવો, 'સાક્ષરતા'

(2) 'વસ્તીગીચતાં'નો અર્થ સમજાવો.

**પ્રશ્ન-7 (બ) મને ઓળખો.** (4)

(1) હું ભારતમાં સૌથી વધુ વસ્તી ધરાવતું રાજ્ય છું.

(2) હું ભારતનું સૌથી વધુ સાક્ષરતા ધરાવતું રાજ્ય છું .

(3) વિશ્વમાં વસ્તીની દૃષ્ટિએ હું દ્વિતિય સ્થાને આવુ છું .

(4) ક્ષેત્રફળની દૃષ્ટિએ ભારતનું સૌથી મોટું રાજ્ય હું છું .

**પ્રશ્ન-8 (અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.** (6)

(1) 'દાવાનળ' એક આપત્તિ તરીકે સવિસ્તાર સમજાવો.

(2) ઉદ્યોગોમાં સર્જાતી ઘટનાઓ વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો.

અથવા

ટૂંક નોંધ લખો : 'ભૂસ્ખલન'

**પ્રશ્ન-8 (બ) નીચે આપેલા દરેક પ્રશ્નોના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી જવાબ લખો.** (6)

(1) નીચેનામાંથી કઈ આપત્તિની પૂર્વ આગાહી શક્ય નથી ?

(A) પૂર (B) ત્સુનામી (C) ભૂકંપ (C) વાવાઝોડું

(2) માનવ સર્જિત આપત્તિઓ કઈ-કઈ છે ?

(A) આગ (B) હુલ્લડ (C) બોમ્બવિસ્ફોટ (C) આપેલ તમામ

(3) તીડ કઈ વનસ્પતિને ખોરાક તરીકે લેતું નથી ?

(A) પીપળો (B) વડ (C) આંબો (C) લીમડો

(4) ભારતમાં લોકડાઉન વર્ષ 2019-20 થી લગાવવામાં આવેલું, ઉપરોક્ત વાક્ય કઈ આપત્તિનો નિર્દેશ કરે છે ?

(A) બોમ્બ વિસ્ફોટ (B) મહામારી (C) ભૂસ્ખલન (C) આગ

(5) રમણિકભાઈનાં ફટાકડાનાં કારખાનામાં રસાયણો બનાવતા સમયે એકાએક આગ લાગી અને વિસ્ફોટ થયો, પ્રસ્તુત વાક્ય કઈ આપત્તિનું સૂચન કરે છે ?

(A) બોમ્બ વિસ્ફોટ (B) હુલ્લડ (C) દાવાનળ (C) ઔદ્યોગિક અકસ્માત

(6) કુદરતી રીતે આકાશી વીજળી પડવાથી કઈ આપત્તિ ફેલાઈ શકે છે ?

(A) દાવાનળ (B) ભૂકંપ (C) મહામારી (C) ભૂસ્ખલન

**પ્રશ્ન-9 (અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.** (6)

(1) ભારતીય ન્યાયતંત્રનું માળખું આકૃતિસહ ટૂંકમાં સમજાવો.

(2) ટૂંકનોંધ લખો: 'સર્વોચ્ચ અદાલત'

*અથવા*

લોક અદાલતોનાં ઉદ્દેશો અને ફાયદાઓ સમજાવો.

**પ્રશ્ન-9 (બ) નીચેના વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો.** (4)

(1) આપણા દેશની સર્વોચ્ચ અદાલત ________ શહેરમાં છે.

(2) ગુનાની પ્રથમ દર્શીય અથવા પ્રથમ માહિતી નોંધને ________ કહેવામાં આવે છે.

(3) ચોરી, લૂંટફાટ, ખૂન, મારામારી વગેરેના દાવાઓ ________ દાવાઓ કહેવાય છે.

(4) દેશની બધી અદાલતોમાં ________ અદાલતનું સ્થાન સૌથી ઊંચું છે.

**પ્રશ્ન-10 (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.** (4)

(1) U.N દ્વારા બાળકોના જીવનવિકાસ અને કલ્યાણ સબંધી આપેલા કોઈ બે બાળ અધિકારો જણાવો ?

(2) સંયુક્ત રાષ્ટ્રો દ્વારા અપાયેલ બે માનવ અધિકારો જણાવો ?

**પ્રશ્ન-11 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.** (6)

(1) વ્યક્તિની પાયાની મૂળભૂત જરૂરિયાતો કઈ-કઈ છે ?

(2) 'સ્પેશિયલ ઈન્ડસ્ટ્રિયલ ઝોન' બનાવવાના કોઈ બે ફાયદા જણાવો ?

(3) માર્ગ અકસ્માત નિવારણ માટે તમે કેવા-કેવા પગલા ભરશો ?

●●●●●